નિયામકશ્રી, આદિમ જુથ હસ્તકનું
મહેકમ ચાલુ રાખવા/રદ કરવા બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : પીટીજી-૧૦૨૦૦૩-૩૧૪-ખ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૦૯/૦૭/૨૦૧૯.

<u>**વંચાણે લીધા**</u> :-

(૧) આ વિભાગનો તા.૧૦/૦૫/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક: પીટીજી-૧૦૨૦૦૩-૩૧૪-ખ,

(૨) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસનો તા.૦૯/૦૫/૨૦૧૯ નો પત્ર નં. આ.વિ./અદમ/ફા.નં.-૧૩૫ /૨૦૧૯ /૨૫૪ થી ૨૫૬.

<u>**ઠરાવ**</u> :-

વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના તા.૧૦/૦૫/૨૦૧૮ ના ઠરાવથી ગુજરાત રાજયમાં અનુસૂચિત જનજાતિમાં અતિ પછાત આદિમ જૂથોના લોકોના ઉત્કર્ષ માટે ૦૯ હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૧૯ સુધી ચાલુ રાખવા મંજૂરી આપવામાં આવેલ હતી. આ જગ્યાઓને તા.૨૯/૦૨/૨૦૨૦ સુધી ચાલુ રાખવાની દરખાસ્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના તા.૦૯/૦૫/૨૦૧૯ ના પત્રથી કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ ની કચેરી દ્વારા કરવામાં આવેલ છે. આ હંગામી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે જણાવેલ ૦૯ (નવ) જગ્યાઓને તા.૨૯/૦૨/૨૦૨૦ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | કચેરીનું નામ | જગ્યાનું નામ અને વર્ગ | મંજુર થયેલ જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પ્રાયોજના વહીવટદારશ્રી, વાંસદા | ગ્રામ સેવક, વર્ગ-૩ | ૧ |
| ૨ | પ્રાયોજના વહીવટદારશ્રી, સોનગઢ | ગ્રામ સેવક, વર્ગ-૩ | ૧ |
| ૩ | પ્રાયોજના વહીવટદારશ્રી, વલસાડ | ગ્રામ સેવક, વર્ગ-૩ | ૩ |
| ૪ | પ્રાયોજના વહીવટદારશ્રી, ડાંગ | જુનિયર ક્લાર્ક, વર્ગ-૩ | ૧ |
| ૫ | પ્રો.અધિ.શ્રી, તાલાલા | પ્રાયોજના અધિકારીશ્રી(આદિમજુથ), વર્ગ-૨ | ૧ |
| ૬ | ના.જિ.વિ.અધિ.શ્રી, અમદાવાદ | વિસ્તરણ અધિકારી(આદિમજુથ), વર્ગ-૩ | ૧ |
| | | ગ્રામ સેવક, વર્ગ-૩ | ૧ |
| | કુલ | | ૦૯ |

૩. આ અંગેનો ખર્ચ આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિસ્તારની બહારની જગ્યાઓ માટે "માંગણી ક્રમાંક-૯૩, મુખ્ય સદર : ૨૨૨૫ અનુસૂચિત જાતિ, આદિજાતિ અને પછાત વર્ગોનું કલ્યાણ-૮૦૦, પેટા સદર(૪), વીકેવાય-૨૨૨. આદિમજૂથ વિકાસ યોજનાના અમલ માટે વહીવટી તંત્ર" હેઠળ અને આદિજાતિ વિસ્તાર માટેની જગ્યાઓ માટે "માંગણી ક્રમાંક : ૯૬, મુખ્ય સદર ૨૨૨૫-અનુસૂચિત જાતિ, આદિજાતિ અને પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૨, ગૌણ સદર-૭૯૬, આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૪૭, વીકેવાય-૨૬૩, આદિમજૂથ વિકાસ યોજનાના અમલ માટે વહીવટી તંત્ર" હેઠળ ચાલુ વર્ષે મંજૂર થયેલ જોગવાઈમાંથી મેળવવાનો અને ઉધારવાનો રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રીની તા.૦૧/૦૭/૨૦૧૯ ની નોંધથી મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આઈ.ઠક્કર)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે પ્રાયોજના અધિકારીશ્રી.
- સર્વે તિજોરી અધિકારીશ્રી,
- નાણાં સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ.